પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૬૧ | ૨૦ ઓગસ્ટ, ૨૦૨૩, રવિવાર; બીજો શ્રાવણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા : મૂડીસ

**ભારતીય અર્થતંત્રની મૂડીસ દ્વારા પ્રસંશા : ભારત શાનદાર વિકાસ દર સાથે આગળ વધી રહ્યું છે : ભારતે બીએએ૩ રેટિંગ જાળવ્યું : ૨ વર્ષ સુધી ભારત જી-૨૦ દેશો કરતાં વધુ વૃદ્ધિ દર હાંસલ કરશે : મૂડીસ**



નવી દિલ્હી, તા.૧૯

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે અને તેને વિશ્વ બેંકથી લઈને આઈએમએફ સુધીની તમામ રેટિંગ એજન્સીઓએ સ્વીકારી છે. હવે વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીસ તરફથી પણ ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર આવ્યા છે. મૂડીસએ ભારતીય અર્થતંત્રની પ્રશંસા કરતા બીએએ૩ રેટિંગ જાળવી રાખ્યું છે.

લાંબા સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધને કારણે જ્યાં યુરોપના ઘણા દેશોની અર્થવ્યવસ્થા ખરાબ સ્થિતિમાં છે, ત્યાં ભારત શાનદાર વિકાસ દર સાથે આગળ વધી રહ્યું છે. મૂડીસ ઈન્વેસ્ટર્સ સર્વિસે ગઈકાલે જાહેર કરેલા તેના અહેવાલમાં ભારતીય અર્થતંત્રમાં વિશ્વાસ જાળવી રાખીને ભારતનું રેટિંગ અને આઉટલુક યથાવત રાખ્યો છે. મૂડીસના મતે ભારતીય અર્થવ્યવસ્થા આ ગતિએ આગળ વધતી રહેશે. આ સાથે રેટિંગ એજન્સીએ ભારતના લાંબા ગાળાના સ્થાનિક અને વિદેશી ચલણ રેટિંગ તેમજ સ્થાનિક-ચલણ સિનિયર અસુરક્ષિત રેટિંગ બીએએ૩ પર જાળવી રાખ્યું છે. આ ઉપરાંત ભારતના ટૂંકા ગાળાનું સ્થાનિક ચલણ રેટિંગ પણ P-3 પર સ્થિર રાખવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં ગિફ્ટ સિટી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

**કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને ગિફ્ટ સિટી, ગાંધીનગરમાં ગિફ્ટ-આઇએફએસસીની વૃદ્ધિ અને વિકાસ પર સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી**



નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોનાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં આજે ગિફ્ટ સિટી, ગાંધીનગરમાં ભારતનાં પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (આઈએફએસસી)નાં વિકાસ અને વૃદ્ધિ પર નાણાં મંત્રાલય અને કોર્પોરેટ બાબતોનાં મંત્રાલયનાં સચિવોની ટીમ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

ગુજરાત રાજ્ય સરકારના સહયોગથી ગૈંક્ષ્ઝ્ન દ્વારા આયોજિત આ મુલાકાતમાં ગુજરાત સરકારના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ ઉપરાંત ગુજરાત સરકારના મુખ્ય સચિવ અને રાજયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમીક્ષા બેઠકમાં તમામ ભારતીય નાણાકીય ક્ષેત્રના નિયમનકારોએ પણ ભાગ લીધો હતો.

ગિફ્ટ સિટીના ચેરમેન, ચેરમેન, દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર ઓથોરિટી (આઈએફએસસીએ) અને ગુજરાત સરકારનાં અધિકારીઓ છેલ્લાં થોડાં વર્ષોમાં, ખાસ કરીને

● અનુસંધાન પાન-૭ પર

# RBIની લોન લેવાનું સરળ બનશે

**ભારતીય રિઝર્વ બેંકનું નવું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું : મિનિટોમાં લોનની માહિતી મળશે : આ પોર્ટલની મદદથી ફ્રીક્સન લેસ ક્રેડિટ મેળવી શકાય છે, દરેક વર્ગના લોકોને એક્સેસ આપશે, પબ્લિક ટેક પ્લેટફોર્મ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ પ્લેટફોર્મ છે**

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય રિઝર્વ બેંકનું નવું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ આરબીઆઈ લોન મેળવવાનું સરળ બનાવવા માટે રજૂ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ધિરાણકર્તાઓને લોનની સુવિધા જેટલી જલ્દી બને તેટલી જલ્દી આપવામાં આવશે. આ સાથે આ પોર્ટલ મિનિટોમાં લોન સંબંધિત તમામ માહિતી પણ આપશે.

ભારતીય રિઝર્વ બેંકના આ પોર્ટલની મદદથી ફ્રીક્સન લેસ ક્રેડિટ મેળવી શકાય છે. આ પોર્ટલ દરેક વર્ગના લોકોને એક્સેસ આપશે. આ પબ્લિક ટેક પ્લેટફોર્મ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ પ્લેટફોર્મ છે, જે કેન્દ્રીય બેંકની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રિઝર્વ બેંક ઈનોવેશન હબ દ્વારા ડેવલપ કરવામાં આવ્યું છે. તેમાં એક ઓપન આર્કિટેક્ચર, ઓપન એપ્લીકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ (API) અને ધોરણો પણ હશે. આ અંતર્ગત નાણાકીય ક્ષેત્રના તમામ લોકો પ્લગ એન્ડ પ્લે મોડલમાં જોડાઈ શકે છે.

આ પોર્ટલ લોન પ્રક્રિયાને સરળ બનાવવાની સાથે યુઝર્સના

● અનુસંધાન પાન-૭ પર

# કર્ણાટકમાં સરકારની મંદિર રિનોવેશન માટેના ફંડ અંગેના નિર્ણય પર પીછેહઠ

**મંદિરોના રિનોવેશન માટેના ફંડને અટકાવવાનો નિર્ણય પાછો ખેંચ્યો**

બેંગલુરૂ, તા.૧૯

ભાજપ સહિત ચારેકોરથી ટીકાઓનો સામનો કર્યા બાદ કર્ણાટક સરકારે શુક્રવારે મુઝરાઈ ડિપાર્ટમેન્ટના આદેશને પાછો ખેંચી લીધો છે. આ આ દેશમાં મંદિરોને જારી કરવામાં આવતા રિનોવેશનને ફંડને અટકાવી દેવાનો નિર્ણય લેવાયો હતો. જોકે હવે સરકારે આ નિર્ણય રદ કરીને મંદિરોને ફંડ જારી કરવાનો નિર્ણય ચાલુ રાખ્યો છે.

કર્ણાટકમાં લગભગ ૩૪૦૦૦ જેટલા મંદિરો આવેલા છે. તેમાંથી એ કેટેગરીમાં ૧૭૫ મંદિરો આવેલા છે જેમની આવક ૨૫ લાખ રૂપિયા વાર્ષિક છે. જ્યારે બી કેટેગરીમાં ૧૫૮ મંદિરો છે અને તેમની આવક ૫ લાખથી ૨૫ લાખ વચ્ચે વાર્ષિક છે. જોકે સી કેટેગરીના મંદિરોની આવક ૫ લાખ જેટલી વાર્ષિક છે.

૧૪ ઓગસ્ટે વિભાગ દ્વારા એક સર્ક્યુલર જાહેર કરાયો હતો જેમાં મંદિરોમાં કરાતા રિનોવેશન માટે ફંડિંગને અટકાવી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમાં જણાવાયું હતું કે જો કોઈ મંદિરમાં રિનોવેશનનું કામ શરૂ ન થયું હોય કે પછી ૫૦ ટકા સુધી પૂરું ન થયું હોય તેવા મંદિરોની ફન્ડિંગને અટકાવી દેવાનો નિર્ણય લેવાયો હતો. જોકે કોંગ્રેસ સરકારના આ નિર્ણયની આકરી ટીકા થઈ હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વરિષ્ઠ ભાજપ નેતા અને ધારાસભ્ય બાસનગૌડા પાટિલ યતનાલે કહ્યું હતું કે આ સાબિત થઈ ગયું કે સીએમ સિદ્ધારમૈયાની સરકાર હિન્દુ વિરોધી છે.

# આયરલેન્ડ સામે ડકવર્થ લુઈસથી પ્રથમ ટી-૨૦માં ભારતનો વિજય

**આયરલેન્ડે ૧૩૯/૭નો સ્કોર કર્યો જેના જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૬.૫ ઓવરમાં ૪૭/૨ રન બનાવ્યા હતા**




પોર્ટબ્લેર, તા.૧૯

ભારત અને આયરલેન્ડ વચ્ચેની ટી૨૦ સિરીઝની પ્રથમ મેચ ડકવર્થ-લુઈસ પદ્ધતિ હેઠળ ભારતે બે રને જીતી લીધી હતી. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. આયરલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૧૩૯/૭નો સ્કોર કર્યો હતો. જેના જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૬.૫ ઓવરમાં ૪૭/૨ રન બનાવ્યા હતા. આ પછી વરસાદ પડ્યો અને આગળની રમત થઈ શકી નહીં. અમ્પાયરોએ ભારતીય ટીમને ડકવર્થ-લુઈસ પદ્ધતિ હેઠળ વિજેતા જાહેર કરી હતી. બુમરાહે મેચની પહેલી જ ઓવરમાં બે વિકેટ લઈને આયરલેન્ડની શરૂઆત બગાડી હતી. માત્ર બુમરાહ જ નહીં, પરંતુ ઈજા બાદ પરત ફરેલા અને પોતાની પ્રથમ ટી૨૦ ઈન્ટરનેશનલ રમી રહેલા પ્રસિદ્ધ કૃષ્ણાએ પણ બે વિકેટ લઈને જોરદાર પ્રદર્શન કર્યું હતું. પ્રસિદ્ધે પણ પ્રથમ ઓવરમાં જ વિકેટ લીધી હતી.

આમ છતાં બેરી મૈકાર્થીએ અણનમ ૫૧ રન બનાવ્યા અને આયરલેન્ડે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૩૯ રન બનાવ્યા. બુમરાહે ૨૪ રનમાં બે વિકેટ લીધી હતી. તેણે ઈનિંગ્સની ૧૯મી ઓવરમાં માત્ર ૧ રન આપ્યો હતો. રિંકુ સિંહે પણ ટી૨૦ ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું, પરંતુ તેને બેટિંગ કરવાની તક મળી ન હતી.

**મેક ઇન ઇન્ડિયા હેઠળ સંરક્ષણ ઉત્પાદનમાં સફળતા**

# પી-૭ હેવી ડ્રોપ સિસ્ટમનું વાયુસેનાએ સફળતાપૂર્વક ફ્લાઈટ પરીક્ષણ કર્યું

**પી-૭ હેવી ડ્રોપથી સાત ટનના સાધનો પેરાશૂટથી મોકલી શકાશે : વાયુસેનાએ એડીઆરડીઈ દ્વારા ડિઝાઇન અને વિકસિત હેવી ડ્રોપ સિસ્ટમનું સફળતાપૂર્વક ફ્લાઇટ પરીક્ષણ કર્યું**

નવી દિલ્હી, તા.૧૯

દેશે મેક ઈન ઈન્ડિયા હેઠળ સંરક્ષણ ઉત્પાદનમાં મોટી સફળતા હાંસલ કરી છે. ડીઆરડીઓ દ્વારા વિકસિત પી-૭ હેવી ડ્રોપ સિસ્ટમની મદદથી, સાત ટન જેટલા વજનના સાધનોને હવે યુદ્ધના મેદાનમાં સરળતાથી પેરાશૂટ દ્વારા મોકલી શકાશે. ભારતીય વાયુસેનાએ તાજેતરમાં ડીઆરડીઓની પેટાકંપની એરિયલ ડિલિવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (એડીઆરડીઈ) દ્વારા ડિઝાઈન અને વિકસિત હેવી ડ્રોપ સિસ્ટમનું સફળતાપૂર્વક ફ્લાઈટ પરીક્ષણ કર્યું.



હેવી ડ્રોપ સિસ્ટમનો ઉપયોગ સાત ટન વજનની શ્રેણીમાં લશ્કરી સ્ટોર્સ (વાહનો/દારૂગોળો/સાધન) પેરાશૂટ કરવા માટે થાય છે.

● અનુસંધાન પાન-૭ પર







